## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, ખબર એ છે કે... લોકોને બીક છે... યુક્રેનથી તેલ નહી આવે તો... તેમના માંથી તેલ કાઢવામાં આવશે...!

# અડાલજ-ઝુંડાલ માર્ગ પર એસટી બસ-બાઈક વચ્ચે અકસ્માત : એકનુ મૃત્યુ

**ડ્રાઈવરે સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતા રોંગ સાઈડમાં બસ હંકારી બાઈકને ટક્કર મારી હતી, બસની ટક્કરમાં બે વ્યકિતને ઈજા પહોંચી હતી, પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી**

ગાંધીનગર, તા.૫

અડાલજ-ઝુંડાલ માર્ગ પર બસના ચાલકે અચાનક સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા બસ રોંગ સાઈડમાં હંકારી સામેથી આવી રહેલા બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર બે વ્યકિત પૈકી બાઈક ચાલકનું હોસ્પિટલ ખાતે મૃત્યુ નિપજયું હતું.બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ વિસત પેટ્રોલ પંપ પાછળ પંચાલની ચાલી ખાતે રહેતા દશરથ અમરતજી ઠાકોર અડાલજ બાલાપીર ખાતે ગેરેજમાં નોકરી કરે છે. ગતરોજ સોમવારે દશરથભાઈ નોકરી જવા માટે ઘરેથી નીકળ્યા હતા. તે સમયે ઝુંડાલ ખાતે રહેતા તેમના મિત્ર સતિષ રણછોડભાઈ પ્રજાપતિએ ફોન કરી ઝુંડાલ જીએમસી બોલાવતા તેઓ રીક્ષામાંથી ત્યાં ઉતરી ગયા હતા. થોડીવાર બાદ સતિષભાઈ બાઈખ લઈને ગયા હતા અન દશરથભાઈને કહ્યું હતું કે મારે તમારા ગેરેજ પર બેસવા માટે આવવુ છે. બાદમાં બંને મિત્રો બાઈક પર ગેરેજ જવા માટે નીકળ્યા હતા. તે સમયે અડાલજ ઝુંડાલ માર્ગ પર ડાયમંડ સ્કાય નામની નવીન બની રહેલી સાઈટ પાસે પસાર થતી એસટી બસના ચાલકે પોતાની બસ પરનો કાબુ ગુમાવતા બસને કટ પાસે વળાંવી દેતા સામેથી બાઈકને ટક્કર મારી હતી. આ બનાવમાં બાઈક પરથી બંન્ને મિત્રો જમીન પર પટકાયા હતા. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જે પૈકી સતિષ પ્રજાપતિને મરણ જાહેર કરી દશરથભાઈને વધુસારવાર માટે એડમીટ કરાયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ૮ એપ્રિલ અને ૧૨ એપ્રિલના રોજ ભરતીમેળાનું આયોજન કરાયું છે.

● દહેગામ ન.પા. દ્વારા મુખ્ય માર્ગો પરના દબાણો આજે દૂર કરવામાં આવ્યા છે.

● દહેગામ નહેરૂનગર ચોકડી પાસે ખોદવામાં આવેલા ખાડામાં યોગ્ય પુરાણના અભાવે મસમોટા ભુવામાં આખુ બાઈક ગરકાવ થતાં નગરમાં ચર્ચાઓ જાગી છે.

● માણસા માર્કેટયાર્ડમાં કિસાન લેબોરેટરીનો શુભારંભ થયો છે.

● માણસાના પિલવાઈ-વેડા ગામે પાણીની ટાંકીનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું છે.

● દહેગામના સ્લમ વિસ્તારમાં રાજસ્થાનના લોકપર્વ ગંગોર ત્યોહારની ઉજવણી કરવામાં આવી છે.

● ગાંધીનગરમાં ઠાકોર અનામત આંદોલન સમિતિ દ્વારા ૧૪મી એપ્રિલે પ્રતિક ઉપવાસ યોજવામાં આવશે.

● ગાંધીનગરમાં હીટવેવ આજે વધુ તીવ્ર બનશે તેવી આગાહી હવામાન વિભાગે કરી યલો એલર્ટ જાહેર કરેલ છે.

● ગાંધીનગર જિલ્લામાં શાકભાજી અને બટાટાની ખરીદીના ભાવોમાં માર્કેટયાર્ડોમાં ઉછાળો આવતાં ખેડૂતોમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી છે.

● ગાંધીનગર શહેરમાં ઉનાળો આકરો થતાં ઉનાળાના ફળોની માંગમાં પણ વધારો થવા પામ્યો છે.



સૌનો સાથ સૌનો વિકાસ અન્વયે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ડભોડા ગામ ખાતે ફુલજીવાળા વાસમાં લોકોની સુખાકારી માટે ગટરલાઈનનું ખાર્ત મુહૂર્ત કરેલ જેમાં ડભોડા ગામના ગ્રામજનો હાજર રહ્યા હતા.

# અડાલજ થી કલોલ જતી રીક્ષામાં મુસાફરના રૂ.૧૨૦૦ સેરવી લીધા

ગાંધીનગર,તા.૫

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં મુસાફરોને રીક્ષામાં બેસાડી નજર ચુકવી પૈસા સેરવી લેતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આજે સવારે અડાલજ-મહેસાણા પીકઅપ બસ સ્ટેન્ડથી રીક્ષામાં બેસી કલોક જવા માટે રવાના થયા હતા. ત્યારે નંબર પ્લેટ વિનાની રીક્ષામાં બેઠેલા મુસાફરને આગળ પોલીસ હશે તેમ કહી ઉતારી દીધા હતા. ત્યારબાદ મુસાફરને શંકા જતા ખીસ્સા ચેક કરતા તેમના ખીસ્સામાંથી રોકડા રૂ.૧૨૦૦ સેરવી લીધા હતા. બનાવ અંગે મુસાફરે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કડીના વડસ્મા ગામે ઠાકોરવાસ ખાતે રહેતા જીલુજી સોમાજી ઠાકોર તેમના મોટા બહેનને નરોડા ખાતે મુકવા માટે સવારે ૯.૩૦ કલાકે શંકરપુરાથી રીક્ષાં બેસી કલોલ અને ત્યાંથી અડાલજ ત્રિ-મંદિર પાસે પીકઅપ બસ સ્ટેન્ડ ખાતે આવી પહોંચ્યા હતા. ત્યારબાદ નરોડા ગેલેક્ષી ખાતે જઈ રહેલી રીક્ષામાં બહેનને બોસાડ્યા હતા. ત્યારપછી મહેસાણા પીકઅપ બસ સ્ટેન્ડથી સવારના સાડા દશ વાગ્યાના સુમારે કલોલ જવા માટે રીક્ષામાં પાછળની સીટમાં જીલુજી બેઠા હતા. તો રીક્ષામાં અગાઉથી ડ્રાઈવર સાથે કુલ ચાર વ્યકિત પહેલા થી બેઠેલા હતા. સામાન્ય અંતર આગળ ગયા પછી રીક્ષા ચાલકે કહ્યું કે આગળ પોલીસ હશે, જેથી મારી પાસે બેઠેલા મુસાફરને પાછળ બેસવા દો . જેથી તે વ્યકિત પાછળની સીટમાં ગોઠવાઈ ગયો હતો. ત્યારબાદ શખ્સ કળા કરી ગયો હતો. ત્યારપછી રીક્ષા ચાલકે ફરીવાર મુસાફરને આગળ પોલીસ હશે તેમ કહી નીચે ઉતારી દીધા હતા. મુસાફરને શંકા જતા ખીસ્સુ ચેક કરતા રોકડા રૂ.૧૨૦૦ હતા. તે શખ્સે સેરવી લીધા હતા. જયારે બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અડાલજ દંતાણીવાસમાં વખડીના ઝાડ નીચેથી ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૫

અડાલજ દંતાણી વાસમાં આવેલા વખડીના ઝાડ નીચે ખુલ્લામાં બાજી માંડીને બેઠેલા ચાર શકુનીઓને રૂ.૧૧ હજારથી વધુની મત્તા સાથે અડાલજ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથક વિસ્તારમાં કર્મચારીઓ પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે પોલીસને અડાલજ વાવ આવતા ખાનગી રાહે બાતમી મળી હતી કે દંતાણીવાસમાં આવેલા વખડીના વૃક્ષ નીચે ખુલ્લામાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા કેટલાક શખ્સો કુંડાળુ વળીને બાજી માંડીને બેઠા હતા. જયારે પોલીસને જોઈને જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસે ચાર જુગારીઓને પકડી પાડ્યા હતા. અડાલજ ગામના મુખીવાસ ખાતે રહેતા ૩૨ વર્ષિય અરવિંદ હરીભાઈ પ્રજાપતિ, અડાલજ રોહિતવાસ ખાતે રહેતા ૪૪ વર્ષિય રણજીત ખોડીદાસ પરમાર, હુડકો ઈન્દીરાનગર અડાલજ ખાતે રહેતા ૪૦ વર્ષિય પ્રકાશ ધુળાજી ઠાકોર, આંબલીવાસ ખાતે રહેતા ૨૦ વર્ષિય અશોક વિષ્ણુજી મકવાણાને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી લેતા રોકડા રૂ.૮,૬૫૦ તેમજ દાવ પરથી રોકડા રૂ. ૨,૩૭૦૧ મળી કુલ રૂ.૧૧,૦૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

# અડાલજમાંથી કોરોનાનો એક કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક કેસ નોંધાયો છે. જયારે શહેરી વિસ્તારમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોનાના ટેસ્ટીંગની કામગીરી ચાલુ છે પરંતુ સંક્રમણ ઘટ્યુ છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

ગાંધીનગર તાલુકાના અડાલજમાંથી આજે ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેઓ ત્યાં કન્સલટન્ટ તરીકેની ફરજો બજાવતા હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

તંત્રએ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવા અને માસ્ક પહેરવાના નિયમની અમલવારી કરવા સૌને અપીલ કરી છે. લોકો સંક્રમણ ઘટતાં આ નિયમોના પાલનમાં બેદરકાર બન્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેર અનો તાલુકામાં જ છુટાછવાયા કેસો મળી રહ્યા હોવાથી સર્વેલન્સને વધુ સઘન બનાવવા માટે તંત્રને સૂચના આપવામાં આવી છે.

# સિવિલના ડોકટર્સની હડતાળ યથાવત





ગાંધીનગર શહેરમાં ડોકટર્સની હડતાળ યથાવત રહેવા પામી છે. પોતાની પડતર માંગણીઓનો ઉકેલ નહી આવતા ડોકટર્સ હડતાલ પર ગયા છે. તેમની માંગણીઓમાં એડ હોક સેવાઓ સળંગ કરાય, એક દાયકાથી બઢતી કરાઈ નથી, તે બઢતી તાત્કાલીક કરવામાં આવે, સરકારી મેડીકલ કોલેજમાં ૪૦૦ પોસ્ટ ખાલી છે તે તાકીદે ભરવામાં આવે, ડોકટર્સની કોન્ટ્રાકટ ભરતી બંધ કરવી, સહિતનો સમાવેશ થાય છે. ત્યારે આજે ગાંધીનગર સિવિલ ખાતે ડોકટર્સ દ્વારા રામધુન યોજવામાં આવી હતી. તો બીજીતરફ હડતાલને પગલે ઓપીડી વિભાગમાં દર્દીઓને ભારે મુશ્કેલી વેઠવી પડી હતી.

# ગાંધીનગર જિલ્લામાં કેન્સર નિદાન અભિયાનનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૫

સમગ્ર વિશ્વમાં કેન્સર જેવી ભયાનક બીમારીથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ગણી વધી જાય છે જેથી સમગ્ર વિશ્વ માટે કેન્સરનો પ્રારંભિક તબક્કામાં નિદાન અને સારવાર એક પડકાર બની ગયો છે આથી જિલ્લા વહીવટીતંત્ર ગાંધીનગર દ્વારા આ બાબતે એક પડકારનો સામનો કરવા માટેની તૈયારી બતાવીને આપણા એક સુંદર વિચાર 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સંતુ નિરામયા''. ને ધ્યાને લઈને કેન્સરનું નિદાન અને સારવાર થાય તે માટે એક પહેલ રૂપે ગાંધીનગર જિલ્લામાં કેન્સર સર્વે, સ્ક્રિનિંગ અને સારવાર આવા ત્રિમંત્ર અભિયાનની શરૂઆત કરવામાં આવી છે.

આ કેન્સર જનજાગૃતિ અને તપાસ અભિયાન અંતર્ગત ૧૮ વર્ષ કે તેથી ઉપરની વયના પુરૂષમાં મોઢાંના કેન્સર તથા ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરની પરિણીત મહિલાઓમાં સ્તન અને ગર્ભાશયના મુખના કેન્સરની સૌપ્રથમ આશા બહેનો ઘરે ઘરે જઈને એક સર્વે ફોર્મ ભરવામાં આવશે જે સર્વેના આધારે જરૂરિયાત મુજબ ૧૮ વર્ષ કે તેથી ઉપરની વયના લોકોની કેન્સરની નિઃશુલ્ક તપાસ ફિમેલ હેલ્થ વર્કર, મલ્ટી પર્પસ હેલ્થ વર્કર, તથા કોમ્યુનિટી હેલ્થ ઓફિસર દ્વારા કરવામાં આવશે. અને ત્યારબાદ જો તપાસ દરમિયાન શંકાસ્પદ કેન્સરના લક્ષણો જણાશે તો તેમને સંજીવની રથ દ્વારા સીએચસી ખાતે મેડિકલ ઓફિસર દ્વારા નિદાન કરવામાં આવશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. હરેશ નાયક દ્વારા જિલ્લામાં શરૂ થયેલી આ અભિયાનમાં શરૂઆતમાં જ મળેલા પરિણામ અંગે આશાબેન વાકેફ કરેલ. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી હરેશ નાયક દ્વારા આ એક સેવાનું કામ ગણી અભિયાનની શરૂઆત કરવામાં આવી.

# વનરક્ષકની પરિક્ષામાં ગેરરીતીની તપાસ અંગે આવેદન પત્ર

વનરક્ષકની ભરતી કસોટીમાં થયેલી ગેરરીતીઓ અને પેપર ફુટી જવા સામે યુવા ઉમેદવારો આજે પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ઉમટી પડ્યા હતા. યુવા ઉમેદવારો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા માટે



એકઠા થયા હતા. ત્યારે વનરક્ષક પરિક્ષા રદ કરવાની માંગ સાથે ઉમેદવારોએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૮માં વનરક્ષકની પરિક્ષા જાહેર થઈ હતી અને ૪ વર્ષ બાદ પરિક્ષા લેવામાં આવી હતી. ત્યારે પેપરમાં ગેરરીતી થતા રાજયના અંદાજીત ૫ લાખથી વધુ ઉમેદવારોનું ભાવિ ઝોખમાયું છે. ત્યારે સરકાર દ્વારા તાત્કાલીક ધોરણે યોગ્ય નિર્ણય કરવામાં આવે તેવી માંગ ઉમેદવારો દ્વારા કરવામાં આવી છે.

# ઘ-૨ સર્કલ પાસે મેડીકલ સ્ટોરનો સંચાલક ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા ઝડપાયો

ગાંધીનગર, તા.૫

શહેરના ઘ-૨ સર્કલ પાસે ઉમિયા કૃપા મેડીકલ સ્ટોરના સંચાલક આઈપીએલની મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા એલસીબી પોલીસે રંગેહાથ પકડી પાડ્યા હતા.પોલીસે મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ રૂ.૨૨,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ હાલમાં ચાલી રહેલી આઈપીએલ મેચ પર એપ્લિકેશન દ્વારા ઓનલાઈન સટ્ટો વ્યકિતઓ રમી રહ્યા છે. ત્યારે એલસીબી-૨ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા. તે સમયે બાતમી મળી હતી કે ઘ-૨ આનંદ હોસ્પિટલની નીચે ઉમિયા કૃપા મેડીકલ સ્ટોરની બહાર એક શખ્સ ઓનલાઈન સટ્ટો રમી રહ્યો છે. જેથી પોલીસે સ્થળ પર જઈને સટ્ટો રમી રહેલા મહેશ ડાહ્યાભાઈ પટેલ (રહે. સેકટર-૬ એ પ્લોટ નં.૪૧૨-૨ નો પકડી પાડ્યો હતો. એલસીબીના જવાનોએ મહેશ પાસેના મોબાઈલ ચેક કરતા તેમાં રેઈન બો ૭૭૭ નામની એપ્લિકેશનથી આઈપીએલની સનરાઈઝ હૈદરાબાદ અનો લખનૌ સુપર જાયન્ટની ટી-૨૦ મેચ પર સટ્ટો રમતો હતો. પોલીસે શખ્સની પુછપરછ કરતા મેડીકલ સ્ટોર તેનો હોવાનું જણાવી સટ્ટો રમવા માટે મિત્ર પિયુષ ચૌહાણે યુઝર આઈડી અને પાસવર્ડ આપ્યા હતા તોમ જણાવ્યું હતું. પોલીસે શખ્સનું યુઝર એકાઉન્ટ ચેક કરતા તેમાં ૮૯,૯૦૦ નું બોલેન્સ પણ હતું. પોલીસે મોબાઈલ ફોન તેમજ રોકડા રૂ.૧૨ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરના સેક્ટર-૨૧ ખાતે ભાજપનું 'સક્રિય કાર્યકર્તા સંમેલન' યોજાયું

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ખાતેથી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે સુરત ખાતેથી વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કર્યું : કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું : ગાંધીનગરના પ્રભારી મોહનલાલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા ઉપસ્થિત રહ્યાં**

ગાંધીનગર, તા.૫

આજે ભાજપા સ્થાપના દિનની પૂર્વ સંધ્યાએ ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા રાજયના જિલ્લા અને મહાનગરો મળીને ૪૧ જગ્યાએ 'સક્રિય કાર્યકર્તા સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વર્ચ્યુઅલ માધ્યમથી રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે સંબોધન કરી સૌ કાર્યકર્તાઓને વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. ભાજપાના રાજયવ્યાપી 'સક્રિય કાર્યકર્તા સંમેલન' અંતર્ગત ગાંધીનગર





મહાનગરનું સક્રિય કાર્યકર્તા સંમેલન 'શ્રી કમલમ', સેક્ટર ૨૧ ખાતે યોજાયું હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરના પ્રભારી મોહનલાલ પટેલ, શહેર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, અગ્રણીઓ, સક્રિય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતા. આજના આ સંમેલનમાં ભાજપા સંગઠનનો વ્યાપ વધારવા, કેન્દ્ર તેમજ રાજય સરકારની અનેક જનકલ્યાણકારી યોજનાઓ પ્રત્યેક લાભાર્થી સુધી પહોંચતી કરવા, સંગઠનના આગામી કાર્યક્રમો અંગે તેમજ ૬ એપ્રિલ ભાજપા સ્થાપના દિન નિમિત્તે થનાર કાર્યક્રમો અંગે સૌને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહાનગરના પ્રભારી મોહનલાલ પટેલ, મહાનગર ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણાએ પ્રાસંગિક ઉદબોધન કરી મહાનગરના સક્રિય કાર્યકર્તાઓને માર્ગદર્શિત કર્યા હતા.